જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦૫/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૬૫૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૧૭૪ લીટર દેશી દારૂ, ૧૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિને ઝડપી જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૬૫૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૬૫૩/૨૦૨૬**

ક્રાઇમ બ્રાન્ચઃ ઘનશ્યામભાઈ પ્રહલાદભાઈ ભાવસાર (ઉ.વ.૪૨) (રહે. આનંદ ટેનામેન્ટ સ્મૃતિ મંદિર સામે ઘોડાસર) એ તા.૦૭/૦૫/૨૦૨૬ ના રોજ ક્રાઇમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧૧/૨૦૨૦ થી તા.૩૦/૦૩/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી મિરૅિખ ફેશન પ્રા.લી.ના અધિકૃત વ્યક્તિ (૧) હરેશભાઈ લાલજીભાઈ રૂડકીયા (રહે. સાગર એપાર્ટમેન્ટ ઘનમોરા ચાર રસ્તા પાસે કતાર ગામ સુરત સીટી) તથા દષ્ટી ફેશનના પ્રોપરાઇટર (૨) દિગ્ગસર ઉર્ફે રાજેશ ઉત્તમસિંગ રાવલ (રહે. એસ/૩/૫૪, લેબર કોલોની, ભીલવાડા, રાજસ્થાન) નાઓએ ભેગા મળી અમદાવાદ ડી–માર્ટ સામે આઇ.ઓ.સી.પેટ્રોલ પંપ પાસે શ્યામલ ચાર રસ્તા પાસે સેટેલાઇટ ખાતે જિંદાલ ક્રીએશન આઈ.એસ.સી.નામની કંપની તથા ટ્રેડવેવ એન્ટરપ્રાઇઝ એલ.એલ.પી.નામની કંપનીમાંથી કાપડનો માલ કિમત રૂપિયા ૭૧,૩૩,૩૦૮/– ખરીદ કરી નાણાં નહી ચુકવી કંપની સાથે ઠગાઈ કરી હતી. આ ગુનાની તપાસ ક્રાઇમ બ્રાન્ચ આર્થિક ગુના નિવારણ શાખા પો.ઈ.શ્રી કે.કે.ડીંડોર ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૬૫૪/૨૦૨૬**

વેજલપુરઃ મહેંદીરજા સ/ઓ સજ્જાદહુસેન મરચન્ટ (ઉ.વ.૨૭) (રહે. અન્સા સોસાયટી ફારૂકે આઝમ સ્કુલ પાસે ફતેવાડી) એ તા.૦૭/૦૫/૨૦૨૬ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મહેંદીરજા મરચન્ટ નાઓના ઘરે સાફ–સફાઇનું કામ કરતા કૌસરબહેન તથા પરવીનબહેન (બન્નેના પુરા નામ સરનામાની ખબર નથી) તા.૨૩/૦૪/૨૦૨૬ થી તા.૦૬/૦૫/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન ઘરની તિજોરીના લોકરમાંથી સોનાની વિંટી નંગ–૧૩ કિમત રૂપિયા ૭,૦૦,૦૦૦/– તથા ડાયમંડની સોનાની વિંટી નંગ–૦૨ કિમત રૂપિયા ૩,૦૦,૦૦૦/– તેમજ સોનાનું પેડલ નંગ–૦૧ કિમત રૂપિયા ૧,૬૫,૦૦૦/– અને રોકડ રૂપિયા ૬૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧૨,૨૫,૦૦૦/– મતા ચોરી કરી લઈ ગયેલ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ આર.જે.કામળીયા ચલાવે છે.

ખોખરાઃ ખોખરા બાલભવન સામે પ્રેમા ઉકાની ચાલી ખાતે નારયણભાઇ મકવાણા નાઓની સગીર વયની પુત્રીએ અગમ્ય કારણસર તા.૦૭/૦૫/૨૦૨૬ સવારના ૧૦/૩૦ થી બપોરના ૩/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.આર.ચૌધરી ચલાવે છે.

નિકોલઃ હાર્દિકકુમાર રમણભાઈ પટેલ (ઉ.વ.૪૦) (રહે. ગોકુલેશ રેસીડેન્સી ઓમકાર સર્કલ પાસે નિકોલ) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૫/૨૦૨૬ કલાક ૦૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.ઓ.તિવારી ચલાવે છે.

દાણીલીમડાઃ નારોલ ચાર રસ્તા પાસે એવરગ્રીન હોટલ ખાતે નોકરી કરતા અને ત્યા જ રહેતા હેમ શ્રીકિશુન સાહ (ઉ.વ.૨૨) (મુળ વતન. વોર્ડ નંબર–૧૬, ગામ–ખીરહર બજાર, થાના–બોરહેલ, જી–મધુબની, બિહાર) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૫/૨૦૨૬ કલાક ૦૧/૦૦ થી સવારના ૦૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રહેણાંક ખાતે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રાજેન્દ્રકુમાર આત્મારામ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી